## પાલનપુર સૂરમંદિર થિયેટરના પાર્કિંગમાં વાહનો રામભરોસે

દાંતિવાડા, તા. ૧૦

પાલનપુર શહેરના સૂરમંદિર થિયેટરના પાર્કિંગ એરિયામાં પાર્ક કરેલા વાહનોમાં છેલ્લા ઘણા સમયથી નાની મોટી ચોરીઓ થતી હોવાની ફરિયાદો મોટા પાયે ઉઠવા પામી છે. અને પાર્કિંગમાંથી થતી ચોરીઓ અંગે પાર્કિંગ સંચાલકો દર વખતે હાથ ખંખેરી નાખે છે અને જવાબદારી સ્વિકારતા નથી.

પ્રાપ્ત માહિતી અનુસાર પાલનપુર શહેરમાં સૂરમંદિર થિયેટર આવેલું છે. જ્યાં મોટી સંખ્યામાં ફિલ્મ રસીયાઓ ફિલ્મો જોવા માટે આવે છે અને રૂ. ૨૦ ખર્ચીને પોતાના વાહનો થિયટરમાં આવેલ પાર્કિંગ એરિયામાં મુકે છે. પરંતુ તેમ છતાં છેલ્લા ઘણા સમયથી અહીંયા પાર્ક કરેલા વાહનોમાંથી કેટલાક ચોરઈસમો નાની-મોટી ચોરીઓ કરી જતા રહે છે. ત્યારે વાહનચાલકો આ ચોરી અંગે પાર્કિંગ સત્તાવાળાઓને જાણ કરતા તેઓ પોતાની જવાબદારીમાંથી હાથ ખંખેરી નાંખે છે અને વાહનમાલિકો સામે ખરાબ વર્તન કરે છે. આથી વાહન માલિકો ભારે રોષે ભરાયા છે અને થિયેટરમાં સીસીટીવી કેમેરા લગાવવા અને પાર્કિંગ સલામત ન હોય તેવા થિયેટર માલિકો સામે કાર્યવાહી કરવા ઉગ્ર માંગણી કરી રહ્યા છે.

### સોતમલા ગામ પાસેના ઓવર બ્રિજ પર અકસ્માત સર્જાયો

## ડીસા-રાધનપુર હાઈ વે પર બે કાર અથડાતા ૨નાં મોત

ડીસા, તા. ૧૦

બનાસકાંઠા જિલ્લાના ડીસા - રાધનપુર હાઈવે પર સોતમલા ગામ પાસે બે કાર સામસામે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં બે વ્યક્તિઓના ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યા હતા. જ્યારે ત્રણ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જેમાંથી એક વ્યક્તિ ગંભીર હોવાનું જાણવા મળે છે.

આ અકસ્માતની પ્રાપ્ત થતી વિગતો મુજબ ડીસાથી ભીલડી તરફ જતા હાઈવે ઉપર સોતમલા ગામ પાસેના ઓવરબ્રીજ ઉપર બે કાર સામસામે અથડાતા સર્જાયેલા અકસ્માતમાં એસ્ટીલો કારમાં સવાર રાજસ્થાનની વ્યક્તિઓ પૈકી બે ઈસમોના ઘટના સ્થળે જ કરુણ મોત થયા હતા. જ્યારે બે વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. જ્યારે બીજી સ્વીપ્ટ કારમાં સવાર બનાસકાંઠા જિલ્લા પંચાયતના સદસ્ય અને રબારી સમાજના યુવા અગ્રણીને આ અકસ્માતમાં ગંભીર ઈજાઓ પહોંચી હતી.

શનિવારે મોડી સાંજે રાજસ્થાનના સિરોહી જિલ્લાના પીંડવાડા ગામની ચાર વ્યક્તિઓ દીયોદર પાસેના ઝાલમોરા ગામથી એસ્ટિલો કાર દ્વારા ડીસા તરફ આવી રહ્યા હતા ત્યારે સામેથી સ્વીફ્ટ કારમાં કાનાભાઈ દેસાઈ ભીલડી તરફ જઈ રહ્યા હતા ત્યારે હાઈવે ઉપર સોતમલા ગામ પાસેના ઓવરબ્રીજ ઉપર બન્ને કાર ધડાકાભેર અથડાતા થયેલા અકસ્માતમાં રાજસ્થાની વ્યક્તિઓ પૈકી સિરોહી જિલ્લાના પીંડવાડાના બાબુલાલજી પ્રજાપતિ અને દુર્ગાશંકર પ્રેમાશંકર રાવલનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

જ્યારે જોરસિંહ દોલતસિંહ રાજપુત અને કૈલાશ ઓઢારામજી પુરોહિતને ઈજાઓ પહોંચી હતી. જ્યારે સ્વીફ્ટ કારમાં સવાર ભીલડી પાસેના નાની ગરનાળ ગામના કાનાભાઈ માલાભાઈ દેસાઈને ગંભીર ઈજાઓ પહોંચી તેમને સારવાર માટે મહેસાણા ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યારે અન્ય ઈજાગ્રસ્તોને ડીસાના સરકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા. આ અકસ્માતની ફરિયાદ ભીલડી પોલીસ મથકે નોંધાવા પામી છે.




## બનાસકાંઠાના બે કોંગ્રેસી નેતાઓ ટેકેદારો સાથે ભાજપમાં જોડાયા

### અમે ભાજપની જીલ્લા પંચાયત બનાવીને રહીશું

અમદાવાદ,તા. ૧૦

બનાસકાંઠા જિલ્લા પંચાયતના પ્રમુખ અને કોંગ્રેસના આગેવાન દલસંગ પટેલ તેમજ જીલ્લા પંચાયતના પૂર્વ કારોબારી ચેરમેન, હાલનાં જીલ્લા પંચાયતના સભ્ય અને ઠાકોર સમાજનાં આગેવાન મેરૂજી ધુંખ તેમના અનેક ટેકેદારો સાથે ભાજપમાં જોડાયા હોવાનું ભાજપના પ્રદેશ પ્રવક્તા આઈ. કે. જાડેજાએ જણાવ્યું છે.

ભાજપમાં જોડાયેલા આ બે આગેવાનોએ જણાવ્યું છે કે કોંગ્રસ નકારાત્મકતાનું રાજકારણ કરે છે અને બનાસકાંઠા જિલ્લામાં રાજકીય ઝેર ઠાલવીને જીલ્લાને ખૂબ મોટું નુકસાન કરે છે.

અમે બધા જ નરેન્દ્ર મોદીના વિકાસ કાર્યોથી પ્રેરાઈને ભાજપમાં જોડાવાનો જીલ્લાનાં હિતમાં નિર્ણય કર્યો હતો. અમે ભાજપની જીલ્લા પંચાયત બનાવીને રહીશું જેથી વિકાસનો લાભ બનાસકાંઠા જિલ્લાને પણ ભાજપ સરકાર દ્વારા પ્રાપ્ત થાય.

પાલનપુર ખાતે યોજાયેલ ભાજપના સંમેલનમાં પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણીયા, મહામંત્રી શંકરભાઈ ચૌધરી, પ્રદેશ ઉપપ્રમુખ આઈ. કે. જાડેજા, રાજ્ય સરકારના મંત્રીઓ લીલાધરભાઈ વાઘેલા, પરબતભાઈ પટેલ અને પ્રદેશનાં આગેવાનોની ઉપસ્થિતિમાં આ બધા જ આગેવાનોને ભગવા ખેસ પહેરાવીને ભાજપમાં આવકાર આપ્યો હતો.

### નશાબબંધી હેઠળ ૧૮ વ્યક્તિઓની ધરપકડ

શહર પોલીસે નસાબંધી ધારા હેઠળ ૧૮ વ્યક્તિઓને પકડી પાડી દારૂનો જંગી જત્થો જપ્ત કર્યો છે. ૧૮ વ્યક્તિઓ પાસેથી ૫૯ લીટર દેશી દારૂ, ૨૮ બોટલ ઈંગ્લિશ દારૂ, એક કાર કબ્જે કરી છે. જુગાર ધારા હેઠળ એક કેસ કરીને એક આરોપીને પકડી પાડી જુગારના સાધનો પણ કબ્જે કર્યા છે. બીજી બાજુ નશાબંધી ધારા હેઠળ ૧૮ કેસ કરી ૧૮ને પકડી પાડવામાં આવ્યા છે. દરમિયાનમાં શહેર પોલીસે તકેદારીના પગલા હેઠળ સીઆરપીસીની કલમ હેઠળ ૪૨ વ્યક્તિઓની અટકાયત કરી છે.



રવિ સીઝનમાં વાડી-ખેતરોમાં ઘઉંનો પાક તૈયાર થઈ ગયો છે. તૈયાર થયેલા પાકમાં જીવાત ન પડે તે માટે ખેડૂત દવાનો છંટકાવ કરી રહ્યો છે.

## કાંકરિયા ખાતે ૨૪ કરોડના ખર્ચથી મલ્ટીલેવલ પાર્કિંગ

અમદાવાદ,તા. ૧૦

અમદાવાદ શહેરમાં પ્રથમ સંપૂર્ણપણે ઓટોમેટીક મલ્ટીલેવલ પાર્કિંગ સુવિધા માર્ચમાં ઉપયોગમાં આવી જશે. કાંકરિયા ખાતે પ્રથમ મલ્ટીલેવલ ઓટોમેટિક પાર્કિંગ વ્યવસ્થા ૨૪ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી રહી છે. આ જગ્યાએ એક સાથે ૨૫૦ કાર અને ૨૫૦ ટુ વ્હીલર આગામી મહિનાથી સરળતાથી મૂકી શકાશે. આ પાર્કિંગમાં પ્રથમ, ત્રીજા અને પાંચમાં માળ ઉપર એસયુવી વાહનો મૂકી શકાશે. જ્યારે બીજા, ચોથા અને છઠ્ઠા અને સાતમાં માળ ઉપર સામાન્ય રીતે કાર પાર્કિંગ કરી શકાશે. અહીં પાર્કિંગની બાબત કોઈપણ અચડણરૂપ રહેશે નહીં. કારને પાર્ક કરવામાં માત્ર એક મિનિટનો સમય લાગશે. કાઢવામાં પણ એક મિનિટનો સમય લાગશે. સમગ્ર પ્રક્રિયા ત્રણ મિનિટમાં પૂરી કરી શકાશે. વિશેષ અતિ આધુનિક સામગ્રીનો ઉપયોગ આ પાર્કિંગ વિસ્તાર માટે કરવામાં આવનાર છે. અહીં પાર્કિંગ કરનારને આધુનિક રીતે જ ટોકન પણ આપવામાં આવશે. પ્રાંગણમાં પહોંચી ગયા બાદ કાર ચાલકને નાણાં ચૂકવવા પડશે અને ટોકન લઈ લેવું પડશે. ત્યારબાદ પાર્કિંગ લોબી ઉપર આ કાર મૂકી દેવામાં આવશે.

જ્યાં કારની સાચવણી માટે પણ ખાસ પ્રકારની વ્યવસ્થા હશે. ટુ વ્હીલર માટે પણ બેઝમેન્ટ અને ગ્રાઉન ફ્લોર ઉપર પાર્કિંગની વ્યવસ્થા રહેશે. મલ્ટીલેવલ પાર્કિંગમાં બે પ્રવેશ અને બે બહાર જવાના રસ્તા રહેશે. કાર ડ્રાઈવરને માત્ર લોબી એરિયામાં હેન્ડબ્રેક ઓન કરીને કાર મૂકી દેવી પડશે. બાકીની તમામ કામગીરી મશીન દ્વારા કરવામાં આવશે. આ મશીન નંબર વાંચશે અને કારને એ મુજબ જ પાર્ક કરશે. શહેરના જુદા જુદા ત્રણ સ્થળો ઉપર આ વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે જે પૈકી એક નવરંગપુરા અને અન્ય એક જગ્યાએ વસ્ત્રાપુર ખાતે પણ આ વ્યવસ્થા ગોઠવવામાં આવનાર છે. પાર્કિંગ કરવાની બાબત ખૂબ જ સરળ છે. અહીં પાર્ક થઈ ગયા બાદ લોકો ટેન્શન ફ્રી થઈ જશે. પોલીસ દ્વારા ઉઠાવી જવાના અને લોકિંગને લઈને કોઈ સમસ્યા રહેશે નહીં. કોઈ સ્ક્રેચ પડવાના પણ ખતરા રહેશે નહીં. આ વ્યવસ્થા માટે ચીની કંપની દ્વારા બનાવવામાં આવેલા શોફ્ટવેરનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

## જૂનાગઢમાં નવ માળનું બિલ્ડીંગ ધરાશયી : ૨નાં મોત

### પ્રાથમિક તપાસમાં નબળા બાંધકામને લીધે બિલ્ડીંગ ધરાશાયી થયું હોવાનું અનુમાન

જૂનાગઢ, તા. ૧૦

જૂનાગઢ શહેરના સયાજી બાગ વિસ્તારમાં નવું બની રહેલું ૯ માળનું બિલ્ડીંગ સવારે પાંચ વાગ્યાના અરસામાં એકાએક ધડાકાભેર તૂટી પડતાં બે મજૂરોના મોત થયા હતા. તેમજ છ વ્યક્તિઓને ઈજા પહોંચી હતી. જેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. આ ઘટનાની જાણ થતાં એફએસએલ તથા ફાયરબ્રિગેડ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતીય

ઘટનાની વિગત એવી છે કે આજે વહેલી સવારે પાંચ વાગ્યાના અરસામાં રાયજીબાગ વિસ્તારમાં મોનાર્ક-૨ નામનું નવું બની રહેલું એપાર્ટમેન્ટ અચાનક ધડાકાભેર તૂટી પડ્યું હતું. આ બિલ્ડીંગ કાટમાળ નીચે દબાઈ જવાથી મૃત્યુ થયું હતું. જ્યારે ૬ વ્યક્તિઓને ઈજા પહોંચતા તેમણે જૂનાગઢની સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતાં. ઘટના અંગે ફાયરબ્રિગેડને જાણ થતાં તેમણે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી અને કાટમાળ નીચે દબાયેલા વ્યક્તિઓને બહાર કાઢ્યા હતા. એફએસએલની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી બિલ્ડીંગ તૂટી પડવા અંગેની વિગતો મેળવી હતી. નવા બની રહેલા આ એપાર્ટમેન્ટના ધરાશાયી થવા પાછળનું કોઈ કારણ હજુ સુધી જાણવા મળ્યું નથી.

સૂત્રોના જણાવ્યા મુજબ જૂનાગઢના રાયજીબાગ વિસ્તારમાં નવ માળની નવું જ બિલ્ડીંગ આજે વહેલી પરોઢે ધડાકા સાથે તૂટી પડતા આજુબાજુના રહીશો એકઠા થઈ ગયા હતા.

દરમિયાન દુર્ઘટનાની શહેરના અન્ય વિસ્તારોમાં થતાં સવારે ૮ વાગ્યે તો ટોળેટોળાં ઉમટી પડતા પોલીસે ટોળાંને દૂર રાખવા માટે જહેમત ઉઠાવી હતી. એફએસએલની ટીમે દુર્ઘટનાગ્રસ્ત ઈમારતમાંથી સિમેન્ટ અને લોખંડ તેમજ માટીના નમૂનાઓ પણ લીધા છે. પ્રાથમિક તપાસમાં નબળા બાંધકામને લીધે બિલ્ડીંગ ધરાશાયી બન્યાનું કહેવાય છે. પણ એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ જ તેના આધારે બિલ્ડીંગ સામે કાયદેસરના પગલાં ભરાશે.

## રામોલ તેમજ સોલા હાઈકોર્ટ વિસ્તારમાં મંદિરમાં ચોરી થઈ

### રામોલમાં મંદિરમાંથી ૧૫ હજારની અને સોલા હાઈકોર્ટ વિસ્તારમાં ૫૩ હજારની મત્તાની ચોરી : પોલીસની તપાસ

અમદાવાદ, તા.૧૦

અમદાવાદ શહેરમાં મંદિરોમાં ચોરીનો સિલસિલો યથાવત રીતે જારી રહ્યો છે. આજે શહેરના બે વિસ્તારમાં મંદિરોને ટાર્ગેટ બનાવી ચોરી કરવાના બનાવ બન્યા હતા. રામોલ અને સોલા હાઈકોર્ટ વિસ્તારમાં બે મંદિરોમાં ચોરી થઈ હતી. રામોલમાં ૧૫ હજારની મત્તાની અને સોલા હાઈકોર્ટ વિસ્તારમાં ૫૩ હજારના મત્તાની ચોરી થઈ હતી. બન્ને મામલાઓમાં પોલીસે જુદી-જુદી રીતે તપાસ હાથ ધરી છે. રામોલ પોલીસ પાસેથી પ્રાપ્ત અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, આજે વહેલી પરોઢે વસ્ત્રાલ ગામમાં દશામાંના મંદિરમાંથી ત્રણ અજાણ્યા પુરૂષો ૧૫ હજારની મત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. મંદિરની લોખંડની જાળીનો નકુચો તોડી મંદિરમાં પ્રવેશ કરવામાં આ શખ્સો સફળ રહ્યા હતા અને ચાંદીના છત્તર અને ચાંદીનો કંદોરો કિંમત ૧૫ હજારની મત્તાની ચોરી કરાઈ હતી. આ સંબંધમાં રામોલ પોલીસે તપાસ હાથ ધરી છે. હજુ સુધી કોઈની પણ ધરપકડ કરવામાં આવી નથી. રામોલમાં મંદિરમાં ચોરી અંગે વસ્ત્રાલ ખાતે દશામાંના મંદિર કમ્પાઉન્ડમાં રહેતા પ્રવિણસિંહ ચૌહાણ દ્વારા ફરિયાદ નોંધાવામાં આવી હતી.

બીજી બાજુ સોલા હાઈકોર્ટ વિસ્તારમાં ચોરીનો બનાવ બન્યો હતો. નારણપુરા નુતન નાગરિક બેંકની બાજુમાં રહેતા ગોવિંદભાઈએ ફરિયાદ નોંધાવી છે કે, ગઈકાલે રાત્રે નવ થી સવારના છ વાગ્યા દરમિયાન ચાંદલોડિયા ગોતા બ્રિજની પાસે આવેલા વિશ્વકર્મા મંદિરની જાળી તોડીને અજાણી વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરી ગઈ હતી અને બે દાનપેટીની ચોરી કરી ફરાર થઈ ગઈ છે. આ દાનપેટીમાં રૂપિયા ૫૩૦૦૦ની મત્તા હતી. આ ગુનામાં ઊંડી તપાસ હાથ ધરવામાં આવી છે. ચોરીનો અન્ય એક બનાવ વટવા વિસ્તારમાં બન્યો હતો. અહીં એક લાખ રૂપિયાની ચોરી થઈ હોવાનું જાણવા મળ્યું છે.



### દાકતરી તપાસ કાર્યક્રમ...

● બીજા પાનાનું ચાલુ

અંતશઃ તાવ, પેટમાં દુઃખાવાના તકલીફ અનુભવતા વિદ્યાર્થીઓને ડોકટર દ્વારા જરુરી પોષણયુકત દવા આપી યોગ્ય ખોરાક કરવાની સલાહ આપવામાં આવી હતી. જરૂર જણાય તો સિવિલ હોસ્પિટલમાં તપાસ કરાવવાનું પણ વાલીઓને જણાવાયું હતું.

શાળાના આચાર્યા મિલીસિંહના યોગ્ય સહકાર અને માર્ગદર્શન સાથે સમગ્ર આરોગ્ય ચકાસણી કાર્યક્રમ સફળ રહ્યો હતો. શાળાના શિક્ષકોનો પણ સારો સહયોગ મળી રહ્યો હતો. શાળા પરિવારે આરોગ્ય તપાસણી કાર્યક્રમમાં આવેલા ડોકટર અને સહયોગી કર્મચારીઓનો આ પ્રસંગે આભાર માન્યો હતો.

## શબ્દાવલી - ૪૯૭૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ■ | ૩ | | ૪ | ■ |
| | ■ | ૫ | ૬ | | ■ | ૭ | ૮ |
| ૯ | ૧૦ | ■ | ૧૧ | | | ■ | |
| ૧૨ | | ■ | ■ | ■ | ■ | ૧૩ | |
| ■ | ■ | ૧૪ | ૧૫ | | ૧૬ | ■ | ■ |
| ૧૭ | | | | ■ | | ■ | ૧૮ |
| | ■ | | ■ | ૧૯ | | ૨૦ | |
| | ■ | ૨૧ | | | ■ | ૨૨ | |

### આડી ચાવી

૧. પ્્રત્યક્ષ નહિ તેવું (૩)
૩. એક પ્રકારનો ધુપ, ગુગળ (૩)
૫. સુવર્ણ મૃગનું રૂપ લઈ દેવી સીતાએ લલચાવનાર રાક્ષસ (૩)
૭. એક રાક્ષસ દુષણનો ભાઈ (૨)
૯. નવા મકાનનું... પુજન ઘણા કરે (૨)
૧૧. પિતા શ્રીરામના સસરા (૩)
૧૨. કામદેવની પત્ની (૨)
૧૩. કેન્સલ કરવું (૨)
૧૪. એક ફળ (૪)
૧૭. રાવ (૪)
૧૯. બંગડી બનાવનારો (૪)
૨૧. તાત, એક ઘરેણું (૩)
૨૨. લંબાઈ-પહોળાઈ-ઊંચાઈ વગેરેને... કહેવાય (૨)

### ઊભી ચાવી

૧. ઘરના સભ્યોનો સમુહ (૪)
૨. માફી (૨)
૩. આંખ, ચક્ષુ (૩)
૪. આંગળીથી... વેગળા (૨)
૬. ખીજનું વિરોધી (૨)
૮. પાવતી, પહોંચ (૩)
૧૦. આરતી, સ્તોત્ર (૨)
૧૪. એક હિન્દી ફિલ્મની અભિનેત્રી (૪)
૧૫. અભિમાન, અહં (૨)
૧૬. છીણી, છીણ પાડવાનું સાધન (૩)
૧૭. ... થઈ જવું, ભાગી છૂટવું (૩)
૧૮. આળ (૩)
૧૯. લોકવાયકા પ્રમાણે કોઈક નાગ પાસે ... હોય છે (૨)
૨૦. પત્ની, ભાર્યા (૨)

### શબ્દાવલી ૪૯૭૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) નીયત (૩) સહદેવ (૬) સમ (૭) વળ (૮) મહેનત (૧૦) વાગડ (૧૧) અમર (૧૩) છાનુ (૧૪) જગ (૧૬) તોર (૧૮) યારી (૧૯) જજબાત (૨૧) નાયી (૨૨) અંબર

**ઊભી ચાવી :-** (૧) નીસરણી (૨) યમ (૩) સમાન (૪) દેવ (૫) વળગાડ (૮) મધ્યમ (૯) તવાઈ (૧૧) અનુયાયી (૧૨) રજ (૧૫) ગજબ (૧૬) તોબા (૧૭) રતલ (૨૦) જર

## અમદાવાદના નિર્ણયનગર વિસ્તારમાંથી રૂા. ૧.૧૪ લાખની ચોરી

અમદાવાદ, તા. ૧૦

અમદાવાદના નિર્ણયનગરમાં આવેલી અક્ષરધામ સોસાયટીમાંથી તસ્કરો આજે મકાનનું તાળું તોડી ઘરમાં ઘૂસી કુલ ૧.૧૪ લાખની ચોરી કરી નાસી છૂટ્યા હતા. આ અંગેની નારણપુરા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે નિર્ણયનગરમાં આવેલી અક્ષરધામ સોસાયટીમાં સી-૧૨ નંબરના બંગલામાં ગઈકાલે રાત્રે તસ્કરો તાળું તોડી ઘરમાં પ્રવેશ્યા હતા. ચોરોએ ઘરમાં રહેલા સોના ચાંદીનાં દાગીના, સાડીઓ, કપડા તથા રોકડ રકમ રૂપિયા ૨૦૦૦ મળીને કુલ ૧.૧૪ લાખની ચોરી કરી નાસી છૂટ્યા હતા. બંગલાના માલિક અનિલભાઈ મિશ્રાએ આ અંગે નારણપુરા પોલીસમાં ફરિયાદ દાખલ કરાતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વિક્રમી મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઝુકાવ્યું છે. હવે મંગળવારે સવારે આર્ટસ એન્ડ સાયન્સ કોલેજમાં મતગણતરીનું કામ હાથ ધરવામાં આવશે. તંત્ર દ્વારા આ અંગેની પણ તૈયારીઓ હાથ ધરી દેવામાં આવી છે.

દરમિયાન પેથાપુર નગરપાલિકાના વોર્ડ નં. ૭ની આજે યોજાયેલ પેટા ચૂંટણીમાં ૭૩.૩૦ ટકા જેટલું ભારે મતદાન નોંધાયું છે. નોંધાયેલા ૧૯૯૮ મતદારો પૈકી ૧૪૬૬ મતદારોએ આજે મતદાન કર્યું હતું.

પેથાપુરની આ પેટા ચૂંટણીમાં મતદાનનો શાંતિપૂર્ણ વાતાવરણમાં પ્રારંભ થયો હતો પરંતુ બપોરે ૧૨ વાગ્યા પછી મતદાનમાં ગતિ આવી હતી અને તે સાંજે સંપન્ન થયું ત્યાં સુધી આ ગતિ જળવાઈ રહી હતી.

આ પેટા ચૂંટણીમાં મહિલા મતદારો અને પુરુષ મતદારોએ એક સરખો રસ દાખવ્યો હતો. મળતી વિગતો પ્રમાણે ૭૭૨ પુરુષ મતદારોએ અને ૬૯૪ મહિલા મતદારોએ મતદાન કર્યું હતું.

સ્થાનિક સ્વરાજયની બીજા તબક્કાની આજે યોજાયેલી ચૂંટણીમાં પણ ભારે મતદાનનો સિલસિલો જારી રહેતાં રાજકીય પંડીતો પણ પરિણામની આગાહી કરવામાં ખચકાતા નજરે પડતા હતા.

માણસા નગરપાલિકાની ચૂંટણીમાં ૪ વાગ્યા સુધીમાં જ ૭૮ ટકા થી વધુ મતદાન થયું હતું.જો કે છેલ્લા કલાકમાં ૩ થી ૩.૫૦ ટકા જ મતદાન નોંધાયું હતું. તો પેથાપુરમાં પણ બપોર પછી આવેલી મતદાનની ગતિને લઈ મતદાન ૭૩ ટકા સુધી પહોંચી ગયું હતું.

### સંયુક્ત કુટુંબ પ્રથા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આ કુટુંબો પૈકી ૬૩.૬ ટકા કુટુંબો બેંકિંગ સેવાનો લાભ લઈ રહ્યાનું જણાયું છે. જિલ્લામાં હજુ પણ ૨૧.૭ ટકા પરિવારો રેડિયો અને ટ્રાન્ઝીસ્ટર વપરાશમાં લઈ રહ્યાનું તારણ બહાર આવ્યું છે. જ્યારે ૬૨.૨ ટકા લોકો ટી.વી. વાપરતા જણાયા છે.

કોમ્પ્યુટર અને લેપટોપનો ઉપીયોગ કરતા કુટુંબોની સંખ્યા ૧૧.૭ ટકા છે. જેમાં ૪.૨ ટકા ઈન્ટરનેટ ધરાવે છે જ્યારે ૭.૫ ટકા ઈન્ટરનેટ વિના આ સુવિધાનો ઉપીયોગ કરે છે. રાજ્યમાં અમદાવાદ વડોદરા પછી ત્રીજા ક્રમે ગાંધીનગર આવે છે. જે કુટુંબે લેપટોપ અને કોમ્પ્યુટરનો ઉપીયોગ કરે છે.

આ પરિણામોમાં જે ચોંકાવનારી હકીકતો બહાર આવી છે તેમાં એક જ વ્યક્તીનું પરિવાર હોય તેવા પરિવારોની સંખ્યા ૪.૨ ટકા છે. બે વ્યક્તીનું પરિવાર હોય તેવી સંખ્યા ૮.૯ ટકા, ૩ વ્યક્તીનું પરિવાર હોય તેવી સંખ્યા ૧૨.૩ ટકા, ૪ વ્યક્તિનું પરિવાર હોય તેવી સંખ્યા ૨૪ ટકા અને ૬ થી ૮ વ્યક્તીનું પરિવાર હોય તેવી સંખ્યા ૨૫ ટકા જ્યારે ૯ કે તેથી વધુની સંખ્યા ધરાવતા પરિવારો ૫ ટકા જણાઈ છે.